# સત્ય એ જ ઈશ્વર છે




**જ્ઞાનામૃત**
**બ્રહ્માકુમાર અનિલ**

**26** મી જાન્યુઆરી - આપણો રાષ્ટ્રીય તહેવાર. ભારત ભૂમિ માટે આ તહેવાર મહાત્મા ગાંધીજી સહિત અનેક મહાપુરુષોનાં બલિદાનોના યાદગાર દિવસોની સ્મૃતિ આપનારો બન્યો છે. જે તહેવાર ભારતની રાષ્ટ્રપ્રેમી જનતા ખૂબ જ દિલથી પ્રતિવર્ષ મનાવે છે.

આપણે માટે ગૌરવની વાત છે કે ગાંધીજી જેવા મહાપુરુષો આપણા ભારતની ભૂમિ ઉપર જન્મ લે છે. એટલું જ નહિ પણ સચ્ચાઈથી, હિમ્મતથી, ત્યાગ અને સમર્પણની ભાવનાથી જગતને નવો રાહ બતાવે છે. સત્યનો રાહ ચીંધે છે.

આપણા દેશની પવિત્ર ભૂમિ પર અનેક યુદ્ધો સત્યને ખાતર ખેલાઈ ચૂક્યાં છે અને દરેક વખતે સત્યની જ જીત થઈ છે. એ રીતે સત્ય એ જ ઈશ્વર છે એ પુરવાર થાય છે. રામ-રાવણનું યુદ્ધ પણ સત્ય-અસત્યનું યુદ્ધ હતું. અત્યારે પણ રાવણ (માયા) સામે રામનું યુદ્ધ ઠેકઠેકાણે ચાલે જ છે. અંતે જીત તો સત્ય (રામ)ની જ થવાની છે. કૌરવો સામે પાંડવોનું યુદ્ધ પણ અસત્ય સામે સત્યનું યુદ્ધ હતું. એવી જ રીતે ગાંધીજી પણ સત્યના શસ્ત્રથી વિશ્વની મોટામાં મોટી તાકાત એવી અંગ્રેજ સલ્તનતને આપણા ભારતમાંથી હંમેશને માટે દૂર કરી શક્યા.

અત્યારે કલિયુગી દુનિયામાં સત્યની રાહ ઉપર ચાલનારા તો ઠીક, સત્યને માનનારા પણ કોઈક જ છે. ખરેખર સત્યનું આચરણ કરનારને આપણો સમાજ એક યા બીજી રીતે હેરાન કરે છે. સમજતા નથી પણ જો સત્યના રાહ ઉપર ચાલનારાને આપણે ઓળખી શકીએ તો જરૂર આપણા માટે અને સમાજ માટે કંઈક મેળવી શકીએ પણ અહંકારને લીધે કોઈ પણ કાળે સત્પુરુષને ઓળખવાની કોશિશ પણ કરતા નથી. સત્પુરુષોનું પણ ખાસ લક્ષણ હોય છે કેઃ- પોતે ક્યારેય પોતાની સત્યતા પુરવાર કરવાની કોશિશ કરશે નહિ. સત્યવાદી મનુષ્ય તો વર્ષો સુધી ગુપ્ત રીતે બીજાઓને માટે કંઈક ને કંઈક કરતો રહેશે. હંમેશાં તેમનામાં ત્યાગની ભાવના રહેલી હોય છે. આમ છતાં ક્યારેય પોતાના વિશે કોઈને એક શબ્દ પણ કહેશે નહિ. એટલે જ આવી વિરલ વ્યક્તિને ઈશ્વરની ગુપ્ત મદદ મળતી રહે છે. જ્યારે આપણો સમાજ દરેક સતવાદી, સંત-શૂરાને વર્ષોથી યાતના આપીને જ ઓળખી શકે છે. આમ ન હોત તો ગાંધીને ગોળી અને ઈસુને શૂળી મળે જ શા માટે ? પહેલાં મારી નાંખે છે. પછી જ ઓળખવાથી પૂજા કરે છે! આજના સમાજની કેવી વિચિત્રતા છે? સત્યના પથ પર ચાલનાર ને નિઃસ્વાર્થ ભાવે સેવા કરનારને ગોળી મારી શકે છે, અનેક નિર્દોષોને યાતના આપી શકે છે પરંતુ હંમેશાં દંભનું મ્હોરું પહેરી સમાજને ગેરમાર્ગે દોરી ભયંકર અપરાધ કરનારને, ભ્રષ્ટાચાર કરનારને કે ધર્મને નામે ચરી ખાનારને આપણો સમાજ કંઈ કરી શકતો નથી. આનાથી મોટું દુર્ભાગ્ય બીજું કયું હોય? તો પણ જેને બીજાઓનું ભલું જ કરવું છે, ઈશ્વર નિમિત્ત કંઈક કાર્ય કરવું છે એ વ્યક્તિ નિંદા થાય કે સ્તુતિ થાય, માન મળે કે અપમાન મળે, સુખ મળે કે દુઃખ મળે તો પણ પોતાના માર્ગેથી લગીરે ચલાયમાન થતા નથી અને તન, મન અને ધનથી બીજાઓની સેવા કરતા રહે છે. સૌથી નવાઈ પમાડે એવી વાત તો એ છે કે પોતાના ભયંકર શત્રુનું પણ એ કલ્યાણ જ ઈચ્છે છે! આવી વિરલ વ્યક્તિ જ ઈશ્વરને જાણી શકે છે.

જો સત્યને સાથ આપવો હોય, સત્યને સાથ આપવાથી સમાજને લાભ થતો હોય તો થોડું ઘણું સહન કરવું પડે તો તેને આપણું અહોભાગ્ય સમજવું જોઈએ. તો જ આપણને સાચા અર્થમાં સત્યની પ્રાપ્તિ થશે. જેથી આપણે સુખશાંતિ મેળવીશું અને સમાજને ઉપયોગી થઈશું.

સત્યના માર્ગે ચાલનારને આપણે સાથ આપીએ કે ન આપીએ તેથી તેમને કંઈ થવાનું નથી પરંતુ આપણે ઈચ્છીએ કે સત્યને વિશે ચાલો, કંઈક જાણીએ તો પહેલાં એ વિચાર કરી લેવો કે સત્યને દબાવવાવાળાને આપણે મદદ તો નથી કરતાં ને?

જે બીજાની નિંદા કે ટીકામાં આનંદ લે છે તેને અસત્યનો આચરનાર ગણી લેવો. આવા માણસની વાત સાંભળવાથી કે તેને મદદ કરવાથી સત્પુરુષોને ભારે હાનિ થશે તો જેમ સત્પુરુષોના આશીર્વાદ એળે જતા નથી તેમ સત્પુરુષની બદદુઆ પણ એળે જતી નથી. સત્પુરુપની બદદુઆ રાજા-મહારાજાઓના તાજ-તખ્ત કાઢી નાખવા જેટલી શક્તિશાળી હોય છે. તેથી સમજીવિચારીને દરેક બાબતમાં માથું મારવું જોઈએ. જો કોઈ સમાજઉપયોગી કાર્ય કરતા હોય તો વિઘ્નરૂપ ન બનવું જોઈએ.

આપણે ગમે તેવા બુદ્ધિમાન હોઈએ તેથી શું? આપણે વિચારીએ તે સાચું ન પણ હોય. આપણે વિચારીએ એ જ સાચું હોય તો આપણે ઘણાં ઘણાં કાર્યો કર્યાં હોય પરંતુ હકીકતમાં આપણે હજુ કંઈ કર્યું જ નથી. જે કરવાનું છે એની સરખામણીમાં ! મતલબ કે આપણે બુદ્ધિમાન નથી. તો પછી આપણે શાંત રહેવું જોઈએ. જે સારું કરવા માંગે છે તેને સહકાર આપવો જોઈએ. એમાં જ આપણું કલ્યાણ સમાયેલું છે. આ યોગ્ય સમય એટલે જ વર્તમાન સમયે 'યદા યદા હિ ધર્મસ્ય' પ્રમાણે એ જ 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' જેના માટે પ્રભુ, ઈશ્વર, અલ્લાહ, ભગવાન, ગોડ, ફાધર ગમે તે નામ લો તેઓ આ ધરા પર આવી ચૂક્યા છે અને સત્ય જ્ઞાન અને યોગ બળે અસત્યનું આવરણ કાઢીને એક સત રાજ્ય, એક સત ધર્મની સ્થાપના કરી રહ્યા છે. મિત્રો, આપણે આપણી જાતને પૂછીએ કે આપણે કેટલા અંશે 'જુઠ્ઠમ જીવમ્ કદરૂપમ્' છીએ અને કેટલા અંશે સત્યમ્ શિવમ્ સુંદરમ્ છીએ? આપણે આજે પ્રથમ તો સતના માર્ગે જ ચાલવાનો દૃઢ સંકલ્પ કરીએ અને આપણા સ્નેહીજનોને પણ આ માર્ગ પર ચાલવા સાથે રાખીએ.

> **કહ્યું છે કે 'લાખ જૂઠને જતું કરજો અને સત્યને પકડી રાખજો.' એમાં જ સૌનું હિત સમાયેલું છે**

---

# હરિ! તમારા પ્રતાપથી

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**
**સાધુ જ્ઞાનાનંદદાસ**



**ધ્યા**નયોગના મર્મને જણાવીને હવે ભગવાન કૃષ્ણ ભગવાન ભક્તવત્સલ અને ભક્તરક્ષક છે, તે સમજાવે છે.

"ભગવાનના પ્રતાપથી સર્વ દુર્ગ તરી જવાય છે" ગીતાનું આ વાક્ય દરેક ભક્ત માટે કેવળ આલંબન નહીં પરંતુ સુરક્ષાનું કવચ છે. અહીં દુર્ગનો અર્થ માત્ર બહારની મુશ્કેલીઓ નથી; દુર્ગ એટલે જીવનના એવા કઠીન કિલ્લા, જ્યાંથી બહાર નીકળવાનો માર્ગ દેખાતો નથી; અહંકાર, આસક્તિ, ભય, શોક, સંશય અને અજ્ઞાન જેવા અભેદ્ય કિલ્લાઓને ભેદવાની સહાય અહીં ભગવાન આપી રહ્યા છે.

ગીતા કહે છે કે જ્યારે માનવી પોતાને ભગવાનને સમર્પિત કરે છે ત્યારે પ્રભુ કૃપા વરસાવે છે અને અભેદ્ય દુર્ગોનાં દ્વાર ઊઘડી જાય છે. ભગવાનની કૃપા કે પ્રતાપનો અર્થ અહીં ચમત્કારિક શક્તિ નહીં પરંતુ ભગવાનની સન્નિધિથી મળતી આંતરિક શક્તિ, દૃઢતા અને સચેતતા છે.

દુષ્કર કાર્ય ત્યારે જ દુષ્કર લાગે છે, જ્યારે માણસ પોતાને એકલો માને છે. જીવનમાં એવા અનેક પ્રસંગો આવે છે, જ્યાં બુદ્ધિ થાકી જાય છે, શક્તિ ચૂકી જાય છે અને આશા પણ ઝાંખી પડે છે. જીવનમાં મોટાં વિઘ્નો આવે ત્યારે તો માણસ તૂટી જાય છે. એ ક્ષણે જો અંતરમાં ભગવાન પરનો વિશ્વાસ દીવો બની પ્રગટે તો કૃપા પ્રકાશથી અંધકાર પાછળ હટે છે. હા, ભગવાનની કૃપા માણસને મુશ્કેલીઓમાંથી પસાર થવાની શક્તિ આપે છે. વિઘ્નો જ પ્રગતિની સીડીઓ બની જાય છે. જીવનમાં દુઃખોનું આવવું અસ્વાભાવિક નથી; દુઃખ સામે માણસ કેવી રીતે ઊભો રહે છે, એ જ તેની આધ્યાત્મિક ઓળખ છે.

માણસ જ્યારે પોતાના બળ પર જ બધું કરવા જાય છે ત્યારે અહંકારનું ભારણ તેને થકવી નાખે છે. "હું કરી લઉં"નો ભાવ જ્યારે "હું તો હરિનો દાસ છું"માં રૂપાંતર પામે છે ત્યારે કૃપાનું દ્વાર ખૂલે છે. ભગવાનની કૃપા એટલે ભાગ્યનો સાથ નહીં પરંતુ યોગ્ય દિશામાં ચાલવાની પ્રેરણા. એ પ્રેરણા માણસને વિઘ્નોથી ભાગવાની નહીં પરંતુ વિઘ્નોને પાર કરવાની હિંમત આપે છે. કૃપા મળવાથી માર્ગ સહેલો થાય છે, એવું નથી પરંતુ માર્ગ પર ચાલવાની શક્તિ વધે છે. પવન વિરુદ્ધ વહેતી નાવ પવનને ગાળો આપતી નથી; તે તો પાંખા યોગ્ય રીતે ગોઠવે છે. તેવી જ રીતે, કૃપા માણસની પરિસ્થિતિ બદલે નહીં પરંતુ દૃષ્ટિ બદલે છે. દૃષ્ટિ બદલાય ત્યારે દુષ્કર કાર્યમાં પણ અર્થ દેખાવા લાગે છે. કાર્ય બોજો નથી રહેતું; એ સાધના બની જાય છે. હા, આ હરિની કૃપા છે, પ્રતાપ છે અને ભક્તની ખરી રક્ષા છે.

છતાં માણસ અજ્ઞાનવશ બહારની સુરક્ષામાં વધુ વિશ્વાસ રાખે છે, શરીર, ધન, પદ, પ્રતિષ્ઠાની રક્ષા જ રક્ષા મનાય છે પરંતુ આ બધું ક્ષણભંગુર છે. હિરણ્યકશિપુનો પુત્ર પ્રહ્લાદ બાળપણથી જ ભગવાન વિષ્ણુનો પરમ ભક્ત હતો. પિતાએ વારંવાર તેને ભગવાનની ભક્તિ છોડાવવા પ્રયાસ કર્યો પરંતુ પ્રહ્લાદ અડગ રહ્યો. ગુરુઓએ સમજાવ્યું, ધમકાવ્યો પણ પ્રહ્લાદે નારાયણનું સ્મરણ ન છોડ્યું. ક્રોધિત હિરણ્યકશિપુએ ઝેર આપ્યું, અગ્નિમાં નાખ્યો, પર્વત પરથી ફેંક્યો, સાપો છોડ્યા પરંતુ દરેક વખતે ભગવાને તેની રક્ષા કરી. અંતે, હિરણ્યકશિપુએ સ્તંભમાં ભગવાન વિશે પ્રશ્ન કર્યો ત્યારે નરસિંહ સ્વરૂપે ભગવાન પ્રગટ થયા અને હિરણ્યકશિપુનો નાશ કર્યો. પ્રહ્લાદની અડગ ભક્તિથી તેની સંપૂર્ણ રક્ષા થઈ પરંતુ પ્રહ્લાદ નરસિંહ ભગવાનને પ્રાર્થનામાં કહે છે કે ''પ્રભુ, આપે મારા શરીરની રક્ષા કરી પણ ખરી રક્ષા તો ત્યારે માનીશ જયારે આપ મને કામ, ક્રોધ, માન, જેવા શત્રુઓથી બચાવશો.''

કૃપા તો એવી સમજ છે, જે આઘાતમાંથી શીખવાની બુદ્ધિ આપે છે. નુકસાનમાં પણ માણસ તૂટતો નથી કારણ કે એને ખબર હોય છે કે હાથ પકડીને કોઈ અજાણી શક્તિ ચાલે છે. એ શક્તિ દેખાતી નથી પરંતુ અનુભવાતી રહે છે. જેમ દૂરથી સુગંધ ફૂલને દેખાડતી નથી છતાં વાતાવરણને સૌરભથી ભરી દે છે. જે માણસ આ કૃપાને જીવનના કેન્દ્રમાં રાખે છે, તેના માટે મોટાં વિઘ્નો પણ જીવનના પાઠ બની જાય છે.

> **ભગવાનની કૃપા એટલે ભાગ્યનો સાથ નહીં પરંતુ યોગ્ય દિશામાં ચાલવાની પ્રેરણા. એ પ્રેરણા માણસને વિઘ્નોથી ભાગવાની નહીં પરંતુ વિઘ્નોને પાર કરવાની હિંમત આપે છે. કૃપા મળવાથી માર્ગ સહેલો થાય છે એવું નથી પરંતુ માર્ગ પર ચાલવાની શક્તિ વધે છે**

મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે ધ્યાનથી જોઈએ તો ભગવાનની કૃપા અને પ્રતાપનો અનુભવ થયા વગર રહે જ નહીં! મોટાં વિઘ્નો તરી જવાય ત્યારે, દુષ્કર કાર્ય સહેલું લાગે ત્યારે અને અજાણી રીતે રક્ષા અનુભવાય ત્યારે ખબર પડે એમ નહીં પણ સ્વાદ, લોભ, કામવૃત્તિમાં મન ન જાય, એ કેટલી મોટી રક્ષા છે! જે આ કૃપાને ઓળખી લે છે, તેનું જીવન ભારણ નહીં રહે પણ ભજન બની જાય છે.